## જન્મદિને વધામણી



મંગળદાસ એમ સુરજકર
મો. ૯૬૦૧૬ ૨૧૬૯૫



રીયા તુષાર દવે
મો. ૯૬૦૧૪ ૭૧૫૧૨



પ્રણાલી સુહાગ વોરા
મો. ૯૦૯૯૦ ૩૧૯૧૪

# પી કે ચૌધરી આટ્‌ર્સ કૉલેજમાં વિવિધ કાર્યક્રમોની વણઝાર યોજાઈ

ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજ ખાતે વિદ્યાર્થી વિકાસ અર્થે કાર્યક્રમોની વણઝાર યોજાઈ હતી.

કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા ‘સાહિત્ય કલાની સમજ’ વિષય પર ડૉ. નિસર્ગ આહિરનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વક્તાનો પરિચય પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ આપ્યો હતો.

સૉમેસ્ટર ૪ અને પાંચની વિદ્યાર્થીનીઓએ શિલ્પ, સ્થાપત્ય, સંગીત, ચિત્ર અને સાહિત્ય ની વિશ્વભરની ઉત્તમ કલાકૃતિઓનો આસ્વાદ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. લીના સ્વાદિયા અને પ્રાય મુન્નાબેન ચૌધરીએ કર્યું હતું.

વિદ્યાર્થીનીઓને ટ્રાફિકના નિયમોની વિશદ્ જાણકારી મળી રહે તે હેતુસર સૅક્ટર-૭ પોલિસ સ્ટેશનનાં પીઆઈ મીની જોસેફનું વ્યાખ્યાન કૉલેજ ખાતે યોજવામાં આવ્યું હતું. મીની જોસેફે ટ્રાફિકના નિયમો, વાહન ચાલકે રાખવી પડતી સાવધાની, ટ્રેક અને લેનની જાણકારી તથા તકેદારી વિશે વિદ્યાર્થીનીઓને વિગતે વાત કરી હતી અને તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સીડબલ્યુડીસી કન્વીનર ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું, સંચાલન કુ. મેઘલ ત્રિવેદી અને આભાર દર્શન કુ. પ્રયોશા વાઘેલાએ કર્યું હતું.

કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા ગણેશપુરા, અરણેજ, લોથલ અને વૈષ્ણોદેવીનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જેમાં સૉમેસ્ટર ૨, ૪, પાંચની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. આ સ્થળોની મુલાકાત લઈ વિદ્યાર્થીનીઓએ તેના ઐતિહાસિક વારસા અને મહત્ત્વ વિશે વિશદ જાણકારી પ્રાપ્ત કરી હતી. આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીનીઓનો સાથ પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલા ચૌધરી, ડૉ. લીના સ્વાદિયા, ડૉ. મુન્નાબેન ચૌધરી અને પ્રા. વિનોદભાઈ ચૌધરીએ નિભાવ્યો હતો અને તેમને જરૂરી પૂરક માહિતી પૂરી પાડી હતી.

# ઈન્ટરસ્કૂલ સ્ટેટ ટે ક્વોન ડો ચૅમ્પિયનશીપમાં ગાંધીનગરની ટીમ ઉજળા દેખાવથી ઝળકી



## અંકિતા પરમાર, સાહિલ રાવતે પ્રથમ ક્રમ, કેવિન દેસાઈએ બીજો ક્રમ તથા સનોબર મનસુરી તસ્મય ઉપાધ્યાય, કુલદીપ ગુર્જર, પ્રાંશુ દેસાઈએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૫

રચના સ્કૂલ, શાહીબાગ, અમદાવાદ ખાતે તાજેતરમાં ૧૧મી ઈન્ટરસ્કૂલ સ્ટેટ ટે ક્વોન ડો ચૅમ્પિયનશીપ યોજાઈ હતી, જેમાં ગાંધીનગરની ટીમના ખેલાડીઓએ વિવિધ વિભાગમાં ભાગ લઈ વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

અંકિતા પરમાર, સાહિલ રાવતે પ્રથમ ક્રમ, કેવિન દેસાઈએ બીજો ક્રમ તથા સનોબર મનસુરી, તસ્મય ઉપાધ્યાય, કુલદીપ ગુર્જર, પ્રાંશુ દેસાઈએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ટીમને માર્ગદર્શન કોચ જતીન દવે દ્વારા આપવામાં આવ્યું હતું તથા ટીમનું નેતૃત્વ અજય જાડેજાએ સંભાળ્યું હતું. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણીએ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઘાયલ વન્સ અગેઈન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ઍરલિફ્ટ
૧.૦૦

**સ્ક્રીન-૪**
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

# કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગ્રા ખાતે ગાંધીનગરના સર્જકનું વ્યાખ્યાન યોજાયું




ગાંધીનગર, તા. ૫

માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગ્રા મુકામે તાજેતરમાં ‘હિન્દી અને પ્રમુખ જનજાતિય ભાષાઓ’ વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટનાં બે વ્યાખ્યાનો યોજાયાં હતાં.

‘પૂર્વોત્તર ભારતની જનજાતિય ભાષાઓના વિકાસમાં હિન્દીની ભૂમિકા’ અને ‘માન્ય ગુજરાતી ભાષા અને તેની પ્રમુખ બોલીઓ’ વિષયે ડૉ. ભટ્ટે વ્યાખ્યાન આપ્યાં હતાં. પૂર્વોત્તર રાજ્યોની જનજાતિય ભાષાઓ વિશે તથા ગુજરાતની પ્રમુખ બોલીઓ વિશે પોતાનો અભ્યાસ તેમણે આ વ્યાખ્યાનો અંતર્ગત પ્રસ્તુત કર્યો હતો.

આ સેમિનારના પ્રથમ દિવસે ઉદ્‌ઘાટન સમારોહ સંસ્થાનના નિર્દેશક નંદકિશોર પાંડેયના અધ્યક્ષ અને જાણીતા ભાષા વૈજ્ઞાનિક ડૉ. ધર્મદેવ તિવારી (આસામ)ના મુખ્ય અતિથિ તેમજ ત્રિભુવનનાથ શુક્લાના ખાસ અતિથિ સ્થાને યોજાયો હતો. જેમાં વિભાગાધ્યક્ષ ડૉ. પરમલાલ અહિરવાલે સ્વાગત પ્રવચન કર્યું હતું તથા કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. પ્રથમ સત્રની બેઠક ડૉ. ત્રિભુવનનાથ શુક્લ અને દ્વિતિય બેઠખ ડૉ. કનૈયાલાલ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં પી કે શર્મા, ડૉ. રાખી મિશ્ર (બનારસ), ડૉ. મિલનરાની જમાતિયા (ત્રિપુરા), ડૉ. બીના દેવવર્મા (ત્રિપુરા) તથા ડૉ. લુઈસ હઉનાર (મિઝોરમ) દ્વારા પોતાનાં વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. ડૉ. કનૈયાલાલ ભટ્ટે રજૂ થયેલાં વક્તવ્યોની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત ડૉ. રાજબલી પાઠક (આગ્રા), શ્રી થુન્બુઈ જેલિયાંગ (નાગાલેન્ડ), શ્રી કિશોર રાય (સિક્કિમ) તથા પ્રો. ચંદા બૈન વગેરેએ પોતાનાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. સમગ્ર સેમિનારનું સંચાલન ડૉ. રાજબીર સિંગે કર્યું હતું. આભારવિધિ પ્રો. હરિશંકરે કરી હતી.

## ખેલ મહાકુંભની ખો-ખો સ્પર્ધામાં જે એમ ચૌધરી વિદ્યાલયની ટીમ વિજયી

ગાંધીનગર, તા. ૫

મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં અન્ડર-૧૩ વિભાગમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયની ટીમે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ ઉપરાંત જિલ્લા કક્ષાની ટે ક્વોન ડો સ્પર્ધામાં શાળાની ધોરણ-૮ની વિદ્યાર્થીની ઈશિતા પરમારે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

સ્પર્ધામાં ભાગ લેનારા તથા સૌ વિજેતા ખેલાડીઓને શાળાનાં આચાર્યા મીનાબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક અંજનાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી, હંસાબેન ચૌધરી અને શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન તથા આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



ઝુંડાલ સ્થિત જે એમ જી બોર્ડિંગ સ્કૂલના વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે આયોજિત સ્ટેટ ટે ક્વોન ડો સ્પર્ધામાં ભાગ લીધો હતો, જે પૈકી વિકાસ ચૌહાણે સિલ્વર મેડલ અને મિત શર્માએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. બંને વિદ્યાર્થીઓને તેમની આ સિદ્ધિ બદલ આચાર્ય સંજયભાઈ શર્મા અને વ્યાયામ શિક્ષક અજયભાઈ જાડેજાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# માઉન્ટ કાર્મેલ શાળાનું ગૌરવ બેસ્ટ સ્ટ્રાઈકર ટ્રૉફી મેળવી



ગાંધીનગર, તા. ૫

સ્પૉટ્‌ર્સ ઑથોરિટી ઓફ ગુજરાત અને સ્ટેર બંનેના સંયુક્ત ઉપક્રમે લીગ ફૂટબૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ અને ગાંધીનગરની ૬૪ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. ખેલાડીઓ માટે આકર્ષક ઈનામો રાખવામાં આવ્યાં હતાં.

સમગ્ર સ્પર્ધા દરમ્યાન સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને માટે બેસ્ટ સ્ટ્રાઈકર ટ્રૉફી રાખવામાં આવી હતી, જે ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલના દક્ષ રાણાએ જીતી લીધી હતી. ઉપરાંત આ લીગ સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ સ્કૂલે ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળામાં ફૂટબૉલનું કોચિંગ શરૂ કરાવનાર શાળાનાં પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકા, કોચ શ્રીમતી હિમાંશુ ચૌહાણ તથા પી ટી શિક્ષક રાકેશ શાહના પ્રયાસોથી ટીમ સફળતાને વરી હતી, જેમણે સમગ્ર ટીમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.




## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ




ગાંધીનગર, તા. ૫

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર ગ્રામ્ય કક્ષાની ટે-ક્વોન-ડો સ્પર્ધા (બહેનો, અન્ડર-૧૬) રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર, સૅક્ટર-૨૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં લેકાવાડા ખાતે કાર્યરત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી ધોરણ-૭ની વિદ્યાર્થીની સલોની રાજેન્દ્રકુમાર પટેલે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

સલોનીને શાળા પરિવારે આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા તથા રાજ્ય કક્ષાની આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# યહી વક્ત હૈ કર લે પૂરી આરઝૂ

## ગીત-સંગીતની દુનિયા
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : વક્ત
વર્ષ : ૧૯૬૫
નિર્માતા : બી આર ફિલ્મ્સ, મુંબઈ
નિર્દેશક : બલદેવ રાજ ચોપડા, યશરાજ ચોપડા
સંગીતકાર : રવિ
ગીતકાર : સાહિર લુધિયાન્વી
મુખ્ય કલાકાર : બલરાજ સાહની, રાજકુમાર, સુનિલ દત્ત, સાધના, શશી કપૂર, શર્મિલા ટાગોર
સહાયક કલાકાર : અચલા સચદેવ, શશિકલા, રહેમાન, મદન પુરી
ગાયક કલાકાર : મન્ના ડે, મહંમદ રફી, આશા ભોંસલે, મહેન્દ્ર કપૂર
ગીતના શબ્દો : આગે ભી જાને ન તૂ, પીછે ભી જાને ન તૂ...
ગાયક કલાકાર : આશા ભોંસલે

-: ગીત :-

આગે ભી જાને ન તૂ,
પીછે ભી જાને ન તૂ
જો ભી હૈ બસ યહી ઈક પલ હૈ
અનજાને સાયોં કા
રાહોં મેં ડેરા હૈ
અનદેખી બાહોંને
હમ સબકો ઘેરા હૈ
યહ પલ ઉજાલા હૈ,
બાકી અંધેરા હૈ
યહ પલ ગંવાના ના,
યહ પલ હી તેરા હૈ..
જીનેવાલે સોચ લે,
યહી વક્ત હૈ કર લે પૂરી આરઝૂ...
ઈસ પલ કે જલવોંને
મહેફિલ સંવારી હૈ
ઈસ પલ કી ગરમીને
ધડકન ઉભારી હૈ
ઈસ પલ કે હોને સે
દુનિયા હમારી હૈ
યહ પલ જો દેખો તો
સદિયોં પે ભારી હૈ
જીનેવાલે સોચ લે,
યહી વક્ત હૈ કર લે પૂરી આરઝૂ...
ઈસ પ લ કે સાયે મેં
અપના ઠિકાના હૈ
ઈસ પલ કે આગે હી
હર શૈ ફસાના હૈ
કલ કિસને દેખા હૈ
કલ કિસને જાના હૈ
ઈસ પલ સે પાયેગા
જો તુજકો પાયા હૈ
જીનેવાલે સોચ લે,
યહી વક્ત હૈ કર લે પૂરી આરઝૂ...

ભવિષ્યમાં શું થવાનું છે તે તમે જાણતા નથી, ભૂતકાળમાં શું થયું હતું તે બાબતે ફિલ્મનાં પાત્રો અજાણ્યાં છે. બલરાજ સાહની દ્વારા પરદા પર ગવાયેલ ગીત ‘એ મેરી જોહરાંજબી’ પૂરું થતાં ભૂકંપ આવે છે, ત્યારે પતિ સૌથી જૂદો થાય છે. પત્ની સાથે નાનો બાળક રહે છે તથા સૌથી મોટો દીકરો અને વચેટ દીકરો સૌ કોઈ જુદા થઈ જાય છે અને સૌ કલાકાર મોટી ઉંમરના થઈ જાય છે.

ફિલ્મમાં આ ગીત સિચ્યુએશન પ્રમાણે સંપૂર્ણ બંધબેસતું છે. સાહિર લુધિયાનવીની કલમે જે જણાવ્યું છે તે સનાતન સત્ય છે. અજાણ્યા લોકો તમારા ભવિષ્યના રસ્તામાં ઊભા છે, તમે નિયતિના માધ્યમથી ન જાણે કેવા કેવા લોકોના હાથમાં ઘેરાયેલા છો ? આ પળ તમારા માટે ઉજળી છે, બાકી અંધારૂં જ અધારૂં છે.

આ પળે તમે જે સુખ માણી રહ્યા છો, આ પળની ઉષ્માથી તમારૂં હૃદય પુલકિત થઈ રહ્યું છે, આ પળે તમને એવું લાગે છે કે દુનિયા તમારી છે, પરંતુ જો સમજી શકો તો આ ક્ષણ તમારા માટે ભારે છે.

આ ક્ષણના પડછાયામાં જ તમારી હયાતિ છે. આ પછી જે થવાનું છે તે વાર્તા જેવું છે. આવતીકાલે શું થવાનું છે તે ક્યાં કોઈએ જોયું છે કે સમજ્યું છે ? આ જ ક્ષણને જોઈ લે, સમજી લે અને તારી ઈચ્છાને પૂરી કરી લે, એવી વાત અહીં કરવામાં આવી છે.

